ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૧.૮ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૪ ટકા

# શહેરમાં પાણીજન્ય રોગચાળામાં ઉછાળો

## વરસાદ બાદની ભેજવાળી આબોહવા મચ્છરો માટે ફેવરીટ : કોરોનાની સંભવિત ત્રીજી લહેર વચ્ચે પાણીજન્ય બિમારીના દર્દીઓ વધવાની દહેશત

ગાંધીનગર, તા.૨૧

જિલ્લામાં મેલેરિયાના છૂટાછવાયા કેસ શરૂ થઈ ગયા છે. કોરોનાના કારણે લોકોમાં પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ વધી છે. પણ કોરોનાના કહેર બાદ ચોમાસાની ઋતુમાં આ વખતે વાહકજન્ય-મચ્ચરજન્ય બિમારીના કેસ વધશે તેમ નિષ્ણાંતો માની રહ્યા છે તે વચ્ચે ગાંધીનગર શહેર તેમજ ન્યુ ગાંધીનગરના ઘણા વિસ્તારોમાંથી ડેન્ગ્યુના કેસ પ્રકાશમાં આવવા લાગ્યા છે. ડેન્ગ્યુ જેવી જીવલેણ બિમારીએ માથુ ઉંચકયુ છે ત્યારે મેલેરિયાના કેસ પણ દિવસે ને દિવસે વધી રહ્યા છે. વરસાદ બાદની વાદળછાયા વાતાવરણવાળી અને ભેજવાળી આબોહવા મચ્છરો માટે ફેવરીટ માનવામાં આવે છે. શહેરમાં છેલ્લા ૧૪ દિવસથી વરસાદી માહોલ હોવા છતાં વરસાદના માત્ર છૂટા છવાયા છાંટા પડે છે. જેથી પાણી ભરાઈ રહે છે. જેથી મચ્છરજન્ય બિમારીઓ વધવાની શકયતા દેખાઈ રહી છે. આ પ્રત્યે લોકોએ જાગૃત થવું પડશે. ચોખ્ખા પાણીમાં થતાં મચ્છરોથી ડેન્ગ્યુ અને મેલેરીયા થાય છે ત્યારે ઘર આગળ કે કામ કરવાના સ્થળની આસપાસ પાણી ભરાઈ ન રહે તેની ચોકસાઈ રાખવી ખૂબ જરૂરી બની ગઈ છે. સામાન્ય રીતે ગાંધીનગરના નવા વિસ્તારમાં કન્સ્ટ્રકશન સાઈટ વધુ હોવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધુ હોય છે. જેથી ન્યૂ ગાંધીનગર વિસ્તારમાં ડેન્ગ્યુના કેસ વધી રહ્યા છે. આ બાબતે મેલેરિયા વિભાગ, આરોગ્ય વિભાગ ઉપરાંત



સ્થાનિકોએ પણ ખાસ કાળજી લેવી પડે. મેલેરિયાના કેસ વધી રહ્યા છે જયારે આગામી દિવસોમાં મચ્છરથી થતાં ચિકનગુનિયા જેવી હઠીલી બિમારી પણ વધશે. શહેરીજનોએ મચ્છરો ઉત્પન્ન ન થાય તેની નૈતિક ફરજ જાળવવી જોઈએ ત્યારે ઘરમાં કુંડા, પાણીના પાત્રો, ટાંકી, ચકલોડીયા, જૂનો ભંગાર, ટાયર સહિતમાં પાણી ભરાયેલું રહે તો તેનો તાત્કાલિક નાશ કરવો જોઈએ તો જ આ રોગચાળાને ઉગતો ડામી શકાશે. જવાબદાર તંત્ર દ્વારા ચોમાસામાં ભરાતા પાણીનો નિકાલ કરવો જોઈએ. ઉપરાંત સરકાર કે ફકત આરોગ્ય વિભાગના પ્રયત્નોથી મેલેરિયાને નહિ હરાવી શકાય પરંતુ મેલેરિયાને હરાવવા માટે લોકોએ પણ જાગૃત થવાની જરૂર છે. ગુજરાતને રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ૨૦૨૨ સુધી સંપૂર્ણ મેલેરિયા મુકત બનાવવા માટેની ઝુંબેશ ચાલી રહી છે જેમાં સૌના સહિયારા પ્રયત્નોથી જ મેલેરિયા મુકત ગુજરાત બની શકશે.

## સામુહિક આયંબિલ કરીને જૈનોએ કરુણા દિન ઉજવ્યો

ગાંધીનગર, તા. ૨૧

બકરી ઈદ નિમિત્તે ભારત સહિત સમસ્ત વિશ્વમાં લાખો અબોલ પશુઓની ધર્મના નામ પર કુરબાની માટે કરવામાં આવતી કતલને અનુલક્ષીને ગાંધીનગરમાં જૈનો દ્વારા કરુણા દિન મનાવવામાં આવ્યો હતો. નિર્દોષ પ્રાણીઓની કતલને રોકી શકવા કે પશુઓને બચાવી નહીં શકવાની સ્થિતિમાં સે.૨૨ ખાતે જૈનોએ સવારે ૯ થી ૧૨ના સમય દરમ્યાન સામાયિક 'નમો જિણાણં જિયભયાણં'નો સતત જાપ કરી અને એ પશુઓને મરતા સમયે આર્તધ્યાન ન થાય



અને સમાધિ મળે એવી શુભભાવના સામૂહિક રીતે પ્રાર્થના વ્યક્ત કરી હતી. આ દિવસે વધુમાં વધુ સંખ્યામાં આયંબિલ તપ કરી અને બકરીનો વર્ણ સફેદ હોવાથી આજે સફેદ દ્રવ્ય દૂધ - ભાત - રોટલી આદીનો ત્યાગ કરીને એ જીવો પ્રત્યે કરુણા દાખવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## શહેરમાં અતિ દુર્લભ સફેદ સાપ જોવા મળ્યો

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં ચોમાસુ શરૂ થતાં સાથે જ જુદા જુદા વિસ્તારોમાં સાપે દેખાવાનું શરુ કરી દીધું છે. શહેરમાં પકડાતા સાપમાંથી વધુ સાપ કોબ્રા પકડાય છે. શહેરમાં નીકળતા બિનઝેરી સાપ માત્ર ૩૦ ટકા હોવાથી સાપ નીકળતાં જ લોકોના હોશ ઉડી જાય છે ત્યારે ગાંધીનગરમાં બીનઝેરી સાપની યાદીમાં સમાવિષ્ટ કોલ્યુબ્રીડી ફેમીલીનો કોમન કુકરી નામનો સાપ જોવા મળ્યો હતો. જે અતિ દુર્લભ સફેદ રંગમાં છે. આ સાપની લંબાઈ બે થી અઢી ફૂટ આસપાસ હોય છે. વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ



૧૯૭૨ હેઠળ સાપની પ્રજાતિને સંરક્ષિત જાહેર કરવામાં આવેલ છે.



ગૌરીવ્રત નિમિત્તે શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા પ્રસાદીરૂપે દાડમ, કેળા, ખારેક, વેફર્સનું બાળાઓને વિતરણ કરવામાં આવ્યું હતું.

# શહેરમાં શાળાઓ શરૂ કરવાની માંગ કરતા શાળા સંચાલકો

ગાંધીનગર, તા.૨૧

શહેરમાં કોરોનાની બીજી લહેર ધીમી પડી છે અને કેસ ઘટી ગયા છે. સ્થિતિ કાબુમાં છે. આ દરમિયાન કેટલાક રાજયોમાં સ્કૂલો કોલેજો શરૂ કરવામાં આવી છે. જયારે ઘણા રાજયો ફરીથી શૈક્ષણિક સંસ્થાઓ શરૂ કરવાનું વિચારી રહી છે. આ દરમિયાન આઈસીએમઆરના ડીજી ડૉ. બલરામ ભાર્ગવે સ્કૂલ ખોલવાને લઈ મોટી વાત કહી છે. જયારે સ્વાસ્થ્ય મંત્રાલયની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડૉ. ભાર્ગવને સ્કૂલ ખોલવાને લઈ સવાલ પુછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું, શરૂઆતમાં પ્રાઈમરી સ્કૂલ ખોલી શકાય છે, કારણ કે નાના બાળકોમાં પુખ્તોની તુલનામાં સંક્રમણનો ખતરો ઓછો હોય છે તેથી શરૂઆતમાં પ્રાઈમરી સ્કૂલો ખોલી શકાય છે અને બાદમાં સેકન્ડરી સ્કૂલ ખોલી શકાય છે. એડલ્ટની તુલનામાં નાના બાળકો વાયરસને સરળતાથી હેન્ડલ કરી શકે છે. ૬ થી ૯ વર્ષના બાળકોમાં ૫૭.૨ ટકા એન્ટબોડી જોવા મળી છે. જે એડલ્ટના




બરાબર છે. તેથી સરકારે શાળાઓ શરૂ કરાવવાનો નિર્ણય લેવો જોઈએ. શાળાના સંચાલકો તથા ખાનગી સંચાલકો દ્વારા સ્કૂલો શરુ કરવા માટે મંજૂરી આપવામાં આવે તેવી માંગ છે. પ્રાયમરી તથા પ્લે ગ્રુપના બાળકો માટે પણ સ્કૂલો શરૂ થાય તેવી દરખાસ્ત કરી રહ્યા છે. ઘણા બધા સંચાલકોનું કહેવું છે કે હજુ ઘણા બાળકો પાસે ઈન્ટરનેટની સુવિધા નથી, મોબાઈલ નથી અને ઓનલાઈન શિક્ષણમાં બાળકોને મુશ્કેલી પડી રહી છે ત્યારે સરકારે બાગ-બગીચા, જિમ, સ્વિમિંગ પુલ, મંદિરો, વોટર પાર્ક સહિત અનેક સ્થળો ખોલી આપ્યા છે તો શાળા પણ રાબેતા મુજબ શરૂ કરવી જોઈએ. ગરીબ અને ઝુંપડામાં રહેતા બાળકો માટે શિક્ષકો કેટલાક સ્થળો પર બેસીને શિક્ષણ આપી રહ્યા હતા. જેમકે વૃક્ષો નીચે, બાગ-બગીચામાં, જાહેર સ્થળો પર વગેરે પરંતુ ચોમાસામાં વરસાદના કારણે તેમને પણ મુશ્કેલીનો વારો આવી ગયો છે. વરસાદના કારણે શિક્ષકો નિયમિત શિક્ષણ કાર્ય કરી શકતા નથી. આ બાબતે સરકાર દ્વારા તાત્કાલિક વિદ્યાર્થીઓના હીતમાં નિર્ણય લેવાય તેવી માંગ કરવામાં આવી છે. સંવેદનશીલ સરકારે શિક્ષકો અને સંચાલકો માટે પણ ચોકકસ વિચારવું જોઈએ. તમામ ખાનગી અને સરકારી સ્કૂલોના સંચાલકો દ્વારા સંવેદનશીલ સરકારને શાળાઓ રાબેતા મુજબ શરૂ કરવાની માંગ કરવામાં આવી છે.

## બીબીએ કૉલેજના વિદ્યાર્થીઓ મોરબીની પ્રતિષ્ઠિત ઈટોલી ગ્રેનીટોની ઓનલાઈન ઔદ્યોગિક મુલાકાતે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગરની કડી સર્વવિશ્વ વિદ્યાલય સંલગ્ન બી.પી.કોલેજ ઓફ બિજનેસ એડમિનિસ્ટ્રેશન(બીબીએ) કૉલેજ વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતરમાં અનેકવિધ પ્રવૃતિઓ દ્વારા અમૂલ્ય યોગદાન આપતી રહી છે. આજે દેશ - વિદેશમાં બીબીએ કૉલેજ ગાંધીનગરનાં વિદ્યાર્થીઓ મેનેજમેન્ટ ક્ષેત્રે મહત્વપૂર્ણ પદ પર કાર્યરત રહી પોતાની સેવા આપી રહ્યા છે અને એજ પરંપરાને આગળ વધારતા અભ્યાસનાં ભાગ રૂપે તેમજ સાંપ્રત સમયમાં ઔદ્યોગીક ક્ષેત્રમાં ચાલતા વ્યહવારીક જ્ઞાનને પ્રત્યક્ષ રીતે સમજવા માટે આજ રોજ ૨૧૦ વિદ્યાર્થીઓએ ઉપરોક્ત કંપનીની વર્ચ્યુયલ મુલાકાત લીધી હતી.

કોલેજ ના આચાર્ય ડૉ.રમાકાંત પૃષ્ટિ સમગ્ર મુલાકાત દરમ્યાન ઉપસ્થિત રહ્યા હતા અને કંપનીના પ્રતિનિધિ મનીષભાઈને આવકાર્યા હતા. ત્યારબાદ ઉપાચાર્ય ડૉ. જયેશ તન્ના દ્વારા કંપનીના પ્રતિનિધિનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ મનીષભાઈ દ્વારા કંપની ની તલસ્પર્શી માહિતી આપી હતી.સમગ્ર મુલાકાત દરમ્યાન તમામ મશીનરી અને તેના ઉપયોગ વિષે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ દરેક મશીનરી નાં નામ તેમજ





વિદ્યાર્થીઓમાં ઔદ્યોગીક ક્ષેત્રેની કામગીરીનું વ્યવહારીક જ્ઞાન તેમજ કૌશલ્યોનો વિકાસ થાય તે હેતુથી વિદ્યાર્થીઓએ ઈન્ડસ્ટ્રિનું જ્ઞાન મેળવ્યુ હતુ. વિદ્યાર્થીઓએ એક પછી એક વિવિધ પ્લાન્ટની ઓનલાઈન મુલાકાત લીધી હતી. કંપનીના એચ.આર. એક્ઝિક્યુટિવ પાસેથી પ્લાન્ટ વિશેની માહિતી પ્રાપ્ત કરી હતી. સમગ્ર મુલાકાત દરમ્યાન વિદ્યાર્થીઓ ની ટેક્નિકલ તેમજ તેનુ મૂલ્ય બાબતે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શિત કર્યા હતા. વિઝિટના છેલ્લા તબક્કામાં બીબીએ કૉલેજનાં વિદ્યાર્થી દ્વારા પ્રશ્નોત્તરીનું આયોજન કરવા માં આવ્યું હતું. આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાનાં આચાર્ય ડૉ.રમાકાન્ત પૃષ્ટિનાં માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ કમિટીનાં હેડ ડૉ.જયેશ તન્ના તેમજ કોલેજ પરિવાર દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

## આજે સમર્પણ કોલેજ ખાતે 'સમર્પણ ધારા' રજતોત્સવ સ્મૃતિ વિશેષાંક અર્પણ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તા. ૨૨મી જુલાઈ ગુરુવારે સવારે ૯.૩૦ કલાકે 'સમર્પણ ધારા' રજતોત્સવ સ્મૃતિ વિશેષાંક અર્પણ અને સન્માન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે. સેકટર-૨૮માં સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન પદે ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ એસ.બી. વોરા ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરમાં રાજયના પૂર્વ મુખ્યમંત્રી અને ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના સ્થાપક શંકરસિંહ વાઘેલાની પ્રેરણાથી વર્ષ ૧૦૦૬થી સ્થપાયેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજે ૨૫ વર્ષ પુરા કર્યા છે. આ પ્રસંગે કોલેજ દ્વારા 'સમર્પણ ધારા' રજતોત્સવ સ્મૃતિ વિશેષાંક પ્રગટ કરવા સાથે કોલેજના વિકાસમાં સહભાગી આચાર્યો, અધ્યાપકો, વિદ્યાર્થીઓ વગેરેનું સન્માન કરાશે. સમગ્ર આયોજન માટે આચાર્ય ડૉ. દીપક પંડયાના નેતૃત્વમાં કેમ્પસ રજીસ્ટ્રાર ડૉ. માતાપ્રસાદ પાંડે સહિત સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી છે.





હિન્દી ફિલ્મોના શરૂઆતના સમયગાળામાં પોતાના મખમલી અવાજથી સંગીત રસિકોના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર ગીતા દત્તની પુણ્યતિથિ નિમિત્તે શહેરની સંગીત સંસ્થા સ્મિત મ્યુઝિક દ્વારા લાઈવ શૉનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શૉમાં જયોતિ ગજ્જર અને ભરત ગજ્જરે મળીને ગીતા દત્તના ગીતો પ્રસ્તુત કરી શ્રધ્ધાંજલિ અર્પણ કરી હતી.

# શહેરમાં સ્વચ્છતાના નામે મીંડુ જેવી પરિસ્થિતિ

ગાંધીનગર, તા.૨૧

સ્વચ્છતા અભિયાનની મોટી મોટી વાતો ફકત કાગળ પર જ છે. ગાંધીનગરમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ' જેવા દૃશ્યો જોવા મળી રહ્યા છે. ચોમાસાની શરૂઆત થતા ભારે પવન સાથે વરસાદ પડવાના કારણે શહેરમાં અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા હતા. ઉપરાંત વૃક્ષોની ડાળીઓ પડી ભાંગી હતી. કેટલાક સેકટરોમાં વૃક્ષોની ડાળીઓ જમીનદોસ્ત થયા બાદ હજી પણ તે જ હાલતમાં જોવા મળે છે. મુખ્ય માર્ગો પર પડેલા વૃક્ષોને તરંત હટાવી લેવામાં આવતા હોય છે. પરંતુ સેકટરોમાં પડેલા વૃક્ષો સામે તંત્રની આંખ ફરતી નથી. વરસાદના કારણે વૃક્ષોની ડાળીઓ કોહવાતી જવાથી ગંદકીની પરિસ્થિતિ સર્જાય છે. ગાંધીનગરમાં વીઆઈપી સેકટરોને જ સ્વચ્છ રાખવામાં આવે છે જે તંત્રની ઘોર બેદરકારી ગણી શકાય. વૃક્ષોની ડાળીઓ પડવાના કારણે રાત્રીના



સમયે અકસ્માત સર્જાઈ શકે છે. તેથી તાત્કાલિક જવાબદાર તંત્ર દ્વારા સફાઈ અભિયાન હાથ ધરાવું જોઈએ. ચોમાસા અંતર્ગત પ્રિમોન્સુન કામગીરી થકી ગંદકી દૂર કરવામાં આવે જેથી રોગચાળો ડામી શકાય. વરસતા વરસાદમાં ગંદકીની સમસ્યા વધુ વકરે છે. સ્વચ્છતા સર્વેક્ષણ ૨૦૨૧ અંતગર્ત ગાંધીનગરમાં જોરશોરથી સફાઈ ઝુંબેશ આદરી દેવામાં આવી છે. કોઈ પ્રસંગ પુરતી લાગતી આ ઝુંબેશ બારેમાસ આજ જોમ જુસ્સાથી ચાલુ રખાય તો હકીકતમાં શહેર સ્વચ્છ બની જાય. રેંક, મેડલ કે પ્રમાણપત્ર મેળવવા પુરતી કરાતી આ કવાયત દેખાડો હોવાની લાગણી શહેરીજનો અનુભવી રહ્યા છે. તંત્ર દ્વારા પૂરતું ધ્યાન અપાતું નથી. મુખ્ય માર્ગો જ સ્વચ્છ કરીને સંતોષ મનાઈ રહ્યો છે. જયારે ન્યુ ગાંધીનગર, વસાહતોના આંતરિક રસ્તાઓ ગંદકી, કચરાના ઢગલાથી ખદબદી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિને જોતા શહેરમાં મોટા મોલ, મલ્ટિપ્લેકસ, શૉ-રૂમ વગેરે જાહોજલાલી ધરાવતું શહેર છે. સ્વચ્છતા બાબતે પૂરતું ધ્યાન અપાઈ રહ્યું નથી. કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ, શૌચાલયોની સ્થિતિ, રોડ રસ્તાની સફાઈ મહત્વની છે. પરંતુ તેમાં ધ્યાન અપાઈ રહ્યું નથી. સોસાયટીઓના મુખ્ય દરવાજા પાસે ગંદકી અને કચરાના ઢગલા પડયા હોય છે. સફાઈની બાબતમાં પૂરતું ધ્યાન અપાય તેવુ શહેરીજનો ઈચ્છી રહ્યા છે.

## જન્મદિને વધામણી



મુકુન્દ ચંદુલાલ ભટ્ટ
મો. ૯૮૯૮૨ ૭૯૦૭૯



દક્ષા ભરત પંડ્યા
મો. ૯૮૯૮૬ ૩૦૫૨૯



નિધિ અશ્વિનકુમાર પંડ્યા



શૌર્ય જસ્મીન જોષી
મો. ૯૮૭૯૭ ૪૯૦૯૫



પ્રેમ યમરાજ પંડ્યા
ફોન : ૨૩૨૩૩૦૬૭



દ્વિજરાજસિંહ અંક્તિસિંહ ચાવડા



નિધિ અશ્વિન પંડયા
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪



ઠાકર સંકેત સતીશકુમાર

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. દમંયતિબોન ચીમનલાલ મિસ્ત્રી, ઉ.વ. ૮૦, સેકટર-૨૭
- સ્વ. રાવલ બલદેવરામ વૈકુંઠરામ, ઉ.વ. ૭૫, ઈન્દ્રોડા
- સ્વ. શાહ ચેતન જશુભાઈ, ઉ.વ. ૫૦, નરોડા, અમદાવાદ